
અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તા.૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

सत्यमेव जयते

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેની સમિતિ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## પ્રથમ અહેવાલ



**(તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંના પત્રકો ઉપરનો અહેવાલ)**


**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,ગાંધીનગર.**

**ઓગસ્ટ,૨૦૨૪**

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ**

**(સન ૨૦૨૪-૨૫)**

**પ્રમુખશ્રી**

**શ્રી અલ્પેશ ઠાકોર**

**સભ્યશ્રીઓ**

શ્રી ત્રિકમ છાંગા
શ્રી પ્રવિણકુમાર માળી
શ્રી લવિંગજી સોલંકી
શ્રી ધવલસિંહ ઝાલા
શ્રી શામજીભાઇ ચૌહાણ
શ્રી વિમલભાઇ ચુડાસમા
શ્રી કાળુભાઇ રાઠોડ
શ્રી ગૌતમભાઇ ચૌહાણ
શ્રી કલ્પશેભાઇ પરમાર
શ્રી રમેશભાઇ મિસ્ત્રી

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપ સચિવ

સુશ્રી ભૂમિકા પ્રજાપતિ, સેકશન અધિકારી

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ

**(સન ૨૦૨૩-૨૪)**

### પ્રમુખશ્રી

**શ્રી અલ્પેશ ઠાકોર**

### સભ્યશ્રીઓ

શ્રી ત્રિકમ છાંગા
શ્રી પ્રવિણકુમાર માળી
શ્રી લવિંગજી સોલંકી
શ્રી ધવલસિંહ ઝાલા
શ્રી શામજીભાઇ ચૌહાણ
શ્રી વિમલભાઇ ચુડાસમા
શ્રી કાળુભાઇ રાઠોડ
શ્રી ગૌતમભાઇ ચૌહાણ
શ્રી કલ્પશેભાઇ પરમાર
શ્રી રમેશભાઇ મિસ્ત્રી

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

કુ. ડી. કે. મુનીઆ, ઉપ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, સેકશન અધિકારી

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ

**(સન ૨૦૨૨-૨૩)**

**પ્રમુખશ્રી**

**શ્રી શંભુજી ઠાકોર**

**સભ્યશ્રીઓ**

ગેનીબેન ઠાકોર
શ્રી રઘુભાઇ દેસાઇ
શ્રી અજમલજી ઠાકોર
શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર
શ્રી  પરષોત્તમ સાબરીયા
શ્રી બાબુભાઈ વાજા
શ્રી ભીખાભાઇ બારૈયા
શ્રી કેસરીસિંહ સોલંકી
શ્રી અરવિંદ રાણા
શ્રી ભરતભાઇ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી.એમ. પટેલ,  સચિવ

કુ. ડી. કે. મુનીઆ, ઉપ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર,  સેકશન અધિકારી

**<u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ</u>**

**(સન ૨૦૨૧-૨૨)**

**<u>પ્રમુખશ્રી</u>**

**શ્રી શંભુજી ઠાકોર**

**<u>સભ્યશ્રીઓ</u>**

ગેનીબેન ઠાકોર

શ્રી રઘુભાઇ દેસાઇ

શ્રી અજમલજી ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર

* શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

* શ્રી દેવાભાઇ માલમ

શ્રી બાબુભાઈ વાજા

* શ્રી આર. સી. મકવાણા

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી અરવિંદ રાણા

**<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>**

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

કુ. ડી. કે. મુનીઆ, ઉપ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, સેકશન અધિકારી

*સભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર, શ્રી દેવાભાઈ માલમ અને શ્રી આર.સી.મકવાણાની તા.૧૩/૦૯/૨૦૨૧ના રોજ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ તરીકે નિમણૂક થતાં વિધાનસભાના નિયમોના નિયમ–૨૧૫(ચ)(૨)ના પરંતુક અન્વયે સમિતિના સભ્ય ગણાતા બંધ થયા.

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ**

**(સન ૨૦૨૧-૨૨)**

**પ્રમુખશ્રી**

**શ્રી શંભુજી ઠાકોર**

**સભ્યશ્રીઓ**

ગેનીબેન ઠાકોર

શ્રી રઘુભાઇ દેસાઇ

શ્રી અજમલજી ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર

શ્રી પરષોત્તમ સાબરીયા

શ્રી બાબુભાઈ વાજા

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી કેસરીસિંહ સોલંકી

શ્રી અરવિંદ રાણા

શ્રી ભરતભાઇ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

કુ. ડી. કે. મુનીઆ, ઉપ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, સેકશન અધિકારી

**<u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ</u>**

**(સન ૨૦૨૦-૨૧)**

**<u>પ્રમુખશ્રી</u>**

**શ્રી આર. સી. મકવાણા**

**<u>સભ્યશ્રીઓ</u>**

શ્રી અજમલજી ઠાકોર
શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર
શ્રી બલરાજસિંહ ચૌહાણ
શ્રી શંભુજી ઠાકોર
શ્રી લાખાભાઈ ભરવાડ
શ્રી કનુભાઈ પટેલ
શ્રી બાબુભાઈ વાજા
શ્રી ભીખાભાઇ બારૈયા
શ્રી કાંતિભાઇ સોઢાપરમાર
શ્રી અરવિંદ રાણા

**<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>**

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

શ્રી વી.એ. પટેલ, ઉપ સચિવ

કુ. ડી. કે. મુનીઆ, સેકશન અધિકારી

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક અને અહેવાલ | ૯ |
| ૨. | પરિશિષ્ટ–૧ | ૧૩ |
| ૩. | પરિશિષ્ટ–૨ | ૧૯ |
| ૪. | પરિચ્છેદ–૧ | ૨૧ |

# અહેવાલ

## પ્રાસ્તાવિક

હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંના પત્રકો ઉપરનો પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

૨. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પ્રથમ અહેવાલ તા.૩૧–૦૩–૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૭૮ અન્વયે અહેવાલમાં સમિતિએ કરેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંની જાણ ગુજરાત વિધાનસભા સચિવાલયને વખતોવખત કરવાની હોય છે. તદ્દનુસાર નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે સમિતિના પ્રથમ અહેવાલમાં કરેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંના પત્રકો તા.૦૨–૦૩–૨૦૨૦ના રોજ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે તા.૧૪–૦૭–૨૦૨૦ના રોજ અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે તા.૨૮–૦૯–૨૦૨૦ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપ્યા હતા. (જુઓ પરિશિષ્ટ–૧ અને ૨)

૩. સમિતિના પ્રથમ અહેવાલમાં કુલ–૧૦ ભલામણો કરવામાં આવી હતી. સમિતિને મોકલવામાં આવેલ પગલાંના પત્રકોમાં જણાવ્યા મુજબ સમિતિએ અહેવાલમાં ફકરા ક્રમાંક: ૫,૭,૮,૧૨,૧૫,૧૬,૧૭,૧૮ અને ૨૪માં કરેલી કુલ–૯ ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો છે. (જુઓ પરિશિષ્ટ–૧) જયારે ફકરા ક્રમાંક: ૨૩ની ભલામણનો સરકારે અસ્વીકાર કર્યો છે. (જુઓ પરિશિષ્ટ–૨)

### નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

૪. સમિતિએ તેની તા.૨૫–૦૮–૨૦૨૦ના રોજ મળેલી બેઠકમાં વિભાગે મોકલી આપેલ પગલાંના પત્રકો ઉપર વિચારણા કરી હતી. સમિતિએ તેરમી ગુજરાત વિધાનસભાના પ્રથમ અહેવાલમાં વિભાગને ત્રણ ભલામણો કરી હતી. આ બધી જ ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો હતો.(જુઓ પરિશિષ્ટ–૧) સમિતિએ વિભાગે આપેલ પગલાંના પત્રકો તથા બેઠક દરમ્યાન રૂબરૂમાં થયેલ વિગતવાર ચર્ચા દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં નંખાયેલા હેન્ડ પંપોની મરામત સમયસર ન થવા અંગેની ફરિયાદોનું નિરાકરણ કરવા એક થી બે દિવસમાં હેન્ડ પંપ રિપેર થઇ જાય તે માટે મટીરિયલ અને સ્ટાફ પૂરતાં પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા વિભાગને કરેલ ભલામણ સંદર્ભે વિભાગે જણાવ્યું હતું કે, અન્ય વિભાગો કે પંચાયતો દ્વારા બનાવેલ હેન્ડ પંપોની મરામત અને નિભાવણી પાણી પુરવઠા બોર્ડની યાંત્રિક વિભાગની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા કરવામાં આવે છે. હેન્ડપંપ રીપેરીંગ માટે રાજયભરમાં ડીસેમ્બર, ૨૦૧૯ની સ્થિતિએ કુલ–૨૦૯ અને આદિજાતિ વિસ્તારોમાં કુલ–૧૪૮ હેન્ડપંપ રીપેરીંગ ટીમો કાર્યરત છે. ગ્રામ પંચાયતોને હેન્ડપંપ રીપેરીંગની ટીમના તેમજ સંબધિત યાંત્રિક પેટા વિભાગીય કચેરીના જવાબદાર સ્ટાફના મોબાઈલ નંબર પણ આપવામાં આવેલ છે.તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતની કચેરીમાં હેન્ડપંપ રીપેરીંગની ફરિયાદોનું રજીસ્ટર નિભાવવામાં આવે છે. વધુમાં, ગાંધીનગરમાં કાર્યરત કન્ટ્રોલ રૂમ ખાતે હેલ્પલાઇન નંબર–૧૯૧૬ ઉપર મળતી ફરિયાદોનું ઓનલાઇન મોનીટરીંગ દ્વારા ક્ષેત્રિય કચેરીને સોંપી દિન–૨માં તેનો નિકાલ કરી રિપોટીંગ કરવામાં આવે છે. હેન્ડપંપના રીપેરીંગ માટે ઉચ્ચ ગુણવત્તાવાળો માલ સામાન સમયબધ્ધ આયોજન કરી ખરીદવામાં આવે છે.

૫. ખારાશ કે અતિવૃષ્ટિને કારણે બગડી કે તૂટી ગયેલ પાઇપલાઇનો બદલીને નવી નાંખવા સમિતિએ કરેલ ભલામણ સંબધની ચર્ચામાં હકારાત્મક વલણ દાખવી વિભાગે જણાવ્યું હતું કે, ખારાશ, અતિવૃષ્ટિ જેવી

કુદરતી આફત દરમ્યાન પાઇપલાઇનમાં ભંગાણ કે વધુ નુકશાન પહોંચે તેવી પરિસ્થિતિમાં જૂથ અને સ્વતંત્ર પાણી પુરવઠા હેઠળ જુની પાઇપલાઇનોને બદલવામાં આવે છે.

૬. બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા વિવિધ તાલુકાઓના તમામ ગામડાઓમાં પીવાના પાણીમાં ફ્લોરાઈડ, સેલીનીટી અને નાઈટ્રેટની અશુધ્ધિઓની ગંભીર સમસ્યાઓ જે માનવ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ખૂબ જ ચિંતાનો વિષય હોઇ નર્મદા, સુજલામ–સુફલામ તેમજ મહી પરીયેજ જેવી વિવિધ યોજનાઓ અન્વયે શુધ્ધ પીવાનું પાણી પૂરૂં પાડવા, તેમજ પીવાના પાણીની આંશિક સગવડતા ધરાવતા ગામોમાં પીવાના પાણીની સંપૂર્ણ સુવિધા પૂરી પાડવા તથા આ હેતુને પરીપૂર્ણ કરવા માટે પ્રતિમાસ સમીક્ષા બેઠક યોજવાની સમિતિએ કરેલ ભલામણ સંદર્ભેની ચર્ચામાં વિભાગે સમિતિને જણાવ્યું હતું કે, ગુજરાત રાજયમાં બક્ષીપંચની વસ્તી ધરાવતા તાલુકાઓ સહિત તમામ તાલુકાઓના ૩૫,૯૯૬ ગામો/પરાંને નિયત ધારાધોરણ મુજબ ભારત સરકારની “નલ સે જલ” યોજના અંતર્ગત પીવાનું શુધ્ધ પાણી આપવામાં આવે છે. સચિવશ્રી સ્તરે, બોર્ડ સ્તરે તેમજ જિલ્લાવાર જિલ્લા અધિકારી દ્વારા નિયમિત સમીક્ષા બેઠકો યોજવામાં આવે છે તેમજ ઝોન કક્ષાએ ઝોનલ અધિકારી દ્વારા રિવ્યુ પણ લેવામાં આવે છે. સમિતિના પહેલા અહેવાલમાં વિભાગને લગતી ભલામણો સંબંધે વિભાગે લીધેલા પગલાથી સમિતિએ સંતોષ વ્યકત કર્યો હતો અને તપાસ પૂર્ણ કરી હતી.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૭. સમિતિએ તેની તા.૧૩–૧૦–૨૦૨૦ના રોજ મળેલી બેઠકમાં વિભાગે મોકલી આપેલ પગલાંના પત્રકો ઉપર વિસ્તારપૂર્વક તપાસ કરી હતી. સમિતિના આંતરિક કામકાજના નિયમાનુસાર વિભાગે અહેવાલમાં કરેલ ભલામણો પર લીધેલા પગલાંના પત્રકો મોડામાં મોડા ચાર માસમાં સમિતિને મોકલવાના રહે છે પરંતુ વિભાગે સમિતિની ભલામણો પર પગલાં લેવામાં ત્રણ વર્ષથી વધુનો સમય લીધેલ હોઈ રૂબરૂ તપાસમાં વિલંબના કારણોની પૃચ્છા કરતા વિભાગે જણાવ્યું હતું કે, બી.પી.એલ યાદીની જોગવાઈ દૂર કરી આવક મર્યાદાને ધ્યાને લઈને તેને અનુરૂપ નીતિવિષયક ફેરફારો કરવાના હોઈ નાણા વિભાગના સંકલન અને પરામર્શમાં રહીને કામગીરી કરવાના કારણોસર વિલંબ થયેલ છે. સમિતિના પ્રથમ અહેવાલમાં સમિતિ દ્વારા વિભાગને પાંચ ભલામણો કરવામાં આવી હતી. આ બધી જ ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો હતો.(જુઓ પરિશિષ્ટ–૧) પંચાયત વિભાગના તા.૦૨–૦૩–૨૦૦૯ના ઠરાવના પારા:૩ની જોગવાઈ મુજબ પંડિત દિનદયાળ આવાસ યોજનાનો લાભ ફક્ત બી.પી.એલ પરિવારને જ મળી શકે છે. આથી બી.પી.એલ યાદીમાં જે ગરીબોનો સમાવેશ થયેલ નથી તેઓને આ યોજનાનો લાભ મળશે નહીં. આથી અન્ય યોજનાઓની જેમ જેવી કે, અગરીયા આવાસ યોજના, માછીમાર આવાસ યોજના, સફાઈ કામદાર આવાસ યોજનામાં બી.પી.એલ યાદી ધ્યાને લેવામાં આવતી નથી તેમ પંડિત દિનદયાળ આવાસ યોજનામાં પણ બી.પી.એલની જોગવાઈ દૂર કરવા અને આ યોજનાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક મુકવા સમિતિએ વિભાગને ભલામણ કરી હતી. તે અન્વયે વિભાગે પ્રત્યુત્તર પાઠવેલ કે, પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ માત્ર બીપીએલ લાભાર્થીઓને જ લાભ આપવાનું ધોરણ નથી. આ યોજના હેઠળ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતાના તા.૨૪–૧૦–૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ–૧થી શહેરી વિસ્તારો માટે રૂ.૧,૫૦,૦૦૦/– તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/– આવક મર્યાદા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. સમિતિએ વિગતવાર રૂબરૂ તપાસમાં આ યોજના હેઠળ લાભાર્થીઓને આવાસ બનાવવા માટે પ્રથમ હપ્તો ચૂકવાઈ ગયેલ હોય અને બીજા હપ્તાની ચૂકવણીમાં લાગતા સમય દરમિયાન લાભાર્થી સ્વખર્ચે વ્યવસ્થા કરીને મકાન બનાવે તો લાભાર્થીને મળવાપાત્ર તમામ રકમની ચૂકવણી કરવી જોઈએ તેવું સમિતિએ સૂચન કર્યું હતું.

૮.	પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ ઉભી થનાર વસાહતોમાં ઉચ્ચ કક્ષાની પ્રાથમિક સુવિધાઓ તથા વસાહતો ફરતે દિવાલ/કોટ બાંધવા વિભાગે ખાસ બજેટની ફાળવણી કરવા તથા આ વસાહતો ઉચ્ચ કક્ષાની સુવિધાઓથી સજ્જ થાય તે માટે દરેક જિલ્લામાંથી સમાજસેવી સંસ્થાઓ, એન.જી.ઓ અને ઉદ્યોગ ગૃહોનો પણ આર્થિક સહયોગ મેળવવા ખાસ પ્રયત્નો કરવા સમિતિએ કરેલ ભલામણ અન્વયે વિભાગે જણાવ્યુ હતું કે, સમિતિના ભલામણની અમલવારી માટે વિભાગના પરામર્શમાં રહીને યોગ્ય કાર્યવાહી કરવા માટે તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે.

૯.	પંડિત દિનદયાળ આવાસ યોજનાના લાભ માટેના આવકના પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર પાસેથી જ મેળવવામાં થતો વિલંબ અને મુશ્કેલીઓને દૂર કરવા આવકના પ્રમાણપત્ર સર્કલ કક્ષાએથી અને તલાટી પણ આપી શકે તેમજ પ્લોટ અંગે લાભાર્થીનું એફીડેવીટ પણ માન્ય રાખી શકાય તે મતલબના આદેશ કરવા સમિતિએ વિભાગને કરેલ ભલામણ સંદર્ભે વિભાગે લેખિતમાં જણાવ્યું હતું કે, આવકનું પ્રમાણપત્ર આપવા માટે તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર તથા ગ્રામ્ય કક્ષાએ તલાટીને સક્ષમ સત્તાધિકારી તરીકે અધિકૃત કરવામાં આવેલ છે તથા પ્લોટ માટે લાભાર્થીનું એફીડેવીટ એકમાત્ર પુરાવો માન્ય રાખવામાં નાણાંકીય ગેરરીતિ થવાની સંભાવના છે. સમિતિએ રૂબરૂ તપાસમાં આવકનું પ્રમાણપત્ર અને નોન–ક્રિમિલેયર સર્ટિફિકેટની સમયમર્યાદા પાંચ વર્ષ સુધી વધારવા સૂચન કર્યું હતું.

૧૦.	ઘરવિહોણા નટ, ડફેર, બજાણીયા, ફકીર, દેવીપૂજક જેવા અતિ નબળા અને વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે મહેસૂલ વિભાગ સાથે જમીન ફાળવણી સંબંધમાં પરામર્શ કરીને તેઓ માટે અલગ વસાહતો ઉભી કરવા સમિતિએ કરેલ ભલામણ અન્વયે વિભાગે જણાવ્યું હતું કે, પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મહેસૂલ વિભાગના તા.૬/૬/૨૦૦૩ના ઠરાવથી રહેણાંક હેતુ માટે જમીન ફાળવવાની યોગ્ય કાર્યવાહી કરવા કલેકટરશ્રીઓને સૂચવવામાં આવેલ છે.

૧૧.	સમિતિએ અમદાવાદ જિલ્લાના કોતરડી અને ઉઘરોજપૂરાની સ્થળ મુલાકાત દરમિયાન ઉઘરોજપુરા થી બજાણીયાપૂરા સુધીનો રસ્તો અને વિકસતિ જાતિઓની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા તેમજ નવા આવાસો બનાવવા માટે પ્લોટ ફાળવવા બાબતે કરેલ ભલામણ સંદર્ભે વિભાગે જણાવ્યું હતું કે, જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા), અમદાવાદ દ્વારા અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના ઉઘરોજપુરા ગામની સ્થળ તપાસ કરતા પાણી, પેવર બ્લોક તેમજ શૌચાલય જેવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. વિજળી અને રસ્તાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અધિક્ષક ઈજનેરશ્રી(U.G.V.C.L), અમદાવાદ અને પ્રાંત અધિકારીશ્રી, વિરમગામને કાર્યવાહી કરવા સૂચન કરેલ છે.

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

૧૨.	સમિતિના પ્રથમ અહેવાલમાં સમિતિએ વિભાગને કરેલ બે ભલામણો પૈકી ફકરા ક્રમાંક:૨૪ પરની ભલામણનો સરકારે સ્વીકાર કર્યો હતો.(જુઓ પરિશિષ્ટ–૧) જયારે ફકરા ક્રમાંક:૨૩ પરની ભલામણનો સરકારે અસ્વીકાર કર્યો હતો. (જુઓ પરિશિષ્ટ–૨) બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ઘણી બધી વાજબી ભાવની દુકાનોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ્સમાં અપગ્રેડ કરેલ નથી તેવી બાકી રહેલ વાજબી ભાવની દુકાનોને સત્વરે મોડેલ ફેરપ્રાઈઝ શોપ્સમાં અપગ્રેડ કરવા માટે સમિતિએ કરેલ ભલામણ સંદર્ભે વિભાગે જણાવ્યું હતું કે, રાજયની તમામ વાજબી ભાવની દુકાનો કોમ્પ્યુટર/લેપટોપ, પ્રિન્ટર જેવા સાધનોથી સજ્જ છે રાજય સરકારે CSC ઈ–ગવર્નન્સ સર્વિસ ઈન્ડીયા લી. સાથે કરાર કરીને કોમન સર્વિસ સેન્ટર(CSC)ની સેવાઓ પૂરી પાડવા માટે વાજબી ભાવના દુકાનોના સંચાલકો એ આપવી પડતી રૂ. ૪૦,૦૦૦/–ની ડીપોઝીટ અને પરીક્ષામાંથી મુક્તિ અપાવેલ છે. આ કરારથી દુકાનદારો એર,રેલ,બસ ટીકીટ રીઝર્વેશન, મોબાઈલ/DTH

રીચાર્જ અને ગેસ,ટેલીફોન,લાઈટ બીલ ચૂકવવા જેવી ૪૦+ સેવાઓ અંગે વાજબી ભાવના દુકાન સંચાલકોને કમિશન મળે છે. તે પૈકી દુકાનદારો સ્વૈચ્છિક રીતે જે સેવા પૂરી પાડવા માંગતા હોય તે પૂરી પાડીને આવક મેળવી શકે છે. મોડેલ ફેરપ્રાઈઝ શોપ્સની સ્થિતિ અને કામગીરી સંબંધમાં સ્થળ પર માહિતી મેળવવા સમિતિએ સુરેન્દ્રનગર, પોરબંદર અને જામનગર જિલ્લામાં તા.૨૨-૧૧-૨૦૨૧ થી ૨૪-૧૧-૨૦૨૧ દરમિયાન અભ્યાસ પ્રવાસ પણ કર્યો હતો.

૧૩. રાજ્યમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ચલાવવા માટે હાલ ૨૦૦૦ની વસ્તી અને ૩ કિલોમીટર અંતર હોવું જોઈએ તેવા ધોરણોના કારણે ઓછી વસ્તી ધરાવતાં ગામના લોકોને બીજા ગામ રેશન લેવા જવા માટે રોજગારી ગુમાવવી પડે છે અને બીજી અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે એ સંજોગોમાં સમિતિ વસ્તી અને કિલોમીટરના ધોરણ દૂર કરીને બક્ષીપંચના ૧૩૯ તાલુકાના દરેક ગામમાં વાજબી ભાવની દુકાનો ચાલુ કરવાની સમિતિએ વિભાગને ભલામણ કરેલ હતી.

સમિતિએ કરેલ ભલામણનો સરકારે અસ્વીકાર કર્યો હતો અને લેખિતમાં તેમજ ઉક્ત બેઠકમાં તેના કારણોની ચર્ચા દરમ્યાન વિભાગે જણાવ્યું હતું કે, વાજબી ભાવની દુકાનની ફાળવણીના ધોરણો કોઈ જાતિ આધારીત જાહેર થયેલ વિસ્તારો મુજબ નથી, પરંતુ સમગ્ર રાજ્યમાં એક સરખી રીતે લાગુ કરી શકાય તે રીતે ધોરણો નક્કી કરવામાં આવેલ છે. જો ૨૦૦૦ ની વસ્તીએ ૧ દુકાન ગણતા ૧૨,૨૪૧ વાજબી ભાવની દુકાન ખોલવા પાત્ર થાય તો ૨૭૩ કાર્ડે ૧ વાજબી ભાવની દુકાન થાય. હાલની સ્થિતિએ વાજબી ભાવની દુકાનના સંચાલકોના પ્રવર્તમાન કમિશનના દર જોતા બક્ષીપંચના જાહેર કરાયેલ ૧૩૫ તાલુકાઓમાં ૨૦૦૦ ની વસ્તીએ દુકાન ફાળવણીનું ધોરણ મંજૂર કરવામાં આવે તો દુકાન સંચાલકની પોષણક્ષમતા જળવાઈ શકે તેમ નથી. સરકારશ્રીએ જણાવેલ કારણોને ધ્યાને લઈ વિચારણા કર્યા બાદ સમિતિએ ઉક્ત બાબત પરત્વે સંતોષ વ્યકત કર્યો હતો.

૧૪. આમ સમિતિએ કુલ–૧૦ ભલામણો પૈકી આગળ જણાવ્યું છે તે મુજબ એક ભલામણ સિવાયની સમિતિએ કરેલ ૯ ભલામણોનો સ્વીકાર કર્યો છે એટલે તેમાં કાંઈ કહેવાનું રહેતુ નથી અને સરકારે અસ્વીકારેલ એક ભલામણ સંબંધમાં વિભાગના જવાબથી સમિતિએ સંતોષ વ્યકત કર્યો હતો.

૧૫. સમિતિએ તેની તા. ૨૩/૦૭/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિએ પહેલા અહેવાલમાં કરેલ ભલામણો ઉપર સરકારે લીધેલા પગલાં સંબંધમાં કરેલ તપાસને લગતા સમિતિના પ્રથમ અહેવાલના મુસદ્દા પર ચર્ચા વિચારણા કરી હતી અને અહેવાલના મુસદ્દાને મંજૂર કર્યો છે.

૧૬. સમિતિની તપાસ અર્થે સંબંધિત વિભાગના અધિકારીઓએ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડવા બદલ સમિતિ આભાર માને છે.

૧૭. ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહાયની પણ સમિતિ નોંધ લે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**
**તા. ૨૩/૦૭/૨૦૨૪**

**(શ્રી અલ્પેશ ઠાકોર)**
**પ્રમુખ**
**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના**
**કલ્યાણ માટેની સમિતિ**

## પરિશિષ્ટ–૧

## સરકારે સ્વીકારેલી ભલામણો

### ભલામણ:– (ફકરા ક્રમાંક :૫)

સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેલા વિભાગના પ્રતિનિધીએ જણાવ્યું હતું કે, હેન્ડપંપોની મરામત અગાઉ પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવતી હતી ત્યારે ફરિયાદ તાલુકામાં આવે, ત્યાર પછી જિલ્લામાં આવે અને એને લીધે રીપેરીંગ સમયસર થઈ શકતું ન હતું. હવે હેન્ડપંપ એકવાર ગામમાં લાગી જાય એટલે ગ્રામ પંચાયતોને આપી દેવામાં આવે છે અને ગ્રામ પંચાયત જ તે રીપેરીંગ કરાવી દે છે. વિભાગના ઉક્ત જવાબ સાથે સમિતિ સમંત થઈ શકે તેમ નથી કારણ કે ગ્રામ પંચાયતો પાસે પુરતી સુવિધા હોતી નથી. હેન્ડપંપ સમયસર રીપેર થતાં નથી તેથી સભ્યશ્રીઓ પાસે ઘણી ફરિયાદો આવતી હોય છે. આથી જે કોઈ ફરિયાદો આવે ત્યાં પાણી પુરવઠા વિભાગ તરફથી એક–બે દિવસમાં જ હેન્ડપંપ રીપેર થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ માટેનું મટીરીયલ અને સ્ટાફ પુરતાં પ્રમાણમાં મળી રહે તે અંત્યત જરૂરી છે. જરૂર જણાય તો આ કામગીરી ખાનગી એજન્સીને સોંપવા તેમજ આ કામમાં ગ્રામમિત્રોની મદદ લેવા સમિતિ ભલામણ કરે છે.

### સરકારનો જવાબ

ગ્રામ્ય કક્ષાએ નવીન હેન્ડપંપ બનાવવાની કામગીરી પાણી પુરવઠા બોર્ડ, સરકારશ્રીના અન્ય વિભાગો તથા જીલ્લાની જુદી–જુદી ગ્રાંટ હેઠળ ગ્રામ/તાલુકા/જીલ્લા પંચાયત દ્વારા હાથ ધરવામાં આવે છે. જે અન્વયે પાણી પુરવઠા બોર્ડ દ્વારા બનાવવામાં આવતા સ્ટાન્ડર્ડ અંદાજો સ્પેશીફીકેશન મુજબના હેન્ડપંપોની સોંપણી હેન્ડપંપ બનાવ્યા બાદ જે–તે ગ્રામપંચાયતોને કરવામાં આવે છે. બોર્ડ દ્વારા બનાવવામાં આવેલ તમામ હેન્ડપંપોના મરામત અને નિભાવણીની કામગીરી બોર્ડની યાંત્રિક વિભાગની ક્ષેત્રીય કચેરીઓ દ્વારા ખાતાકીય રીતે અથવા ખાનગી ઈજારદારો થકી કરવામાં આવે છે. વિશેષમાં, ઉનાળા દરમિયાન સરકારશ્રી દ્વારા પરિપત્ર થયેથી પાણી પુરવઠા બોર્ડ સિવાયના અન્ય એજન્સીઓ દ્વારા બનાવવામાં આવેલ હેન્ડપંપો પાણી પુરવઠા બોર્ડના નોર્મ્સ મુજબ બનાવેલ ન હોવાથી આ હેન્ડપંપોના પાર્ટ્સ બોર્ડ પાસે ઉપલબ્ધ હોતા નથી. આમ છતાં સરકારશ્રીની સુચનાઓ અન્વયે અન્ય વિભાગો, પંચાયતો દ્વારા બનાવેલ હેન્ડપંપોની પણ મરામત અને નિભાવણી બોર્ડની યાંત્રિક વિભાગની ક્ષેત્રીય કચેરીઓ દ્વારા કરવામાં આવે છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા રાજયમાં ડીસેમ્બર ૨૦૧૯ સુધીમાં ૧૩,૧૯૧ ગામમાં ૨,૯૦,૪૬૪ હેન્ડપંપ બનાવવામાં આવેલ છે. જે પૈકી ૧૨,૮૨૦ ગામમાં ૨,૬૯,૦૭૩ હેન્ડપંપ કાર્યરત છે. આ હેન્ડપંપોના રીપેરીંગ અર્થે હાલમાં રાજયભરમાં ૨૦૯ હેન્ડપંપ રીપેરીંગ ટીમો સતત કાર્યરત છે.

અંબાજીથી ઉમરગામ સુધીના રાજયમાં આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓ જેવા કે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાઓના આદિજાતિ વિસ્તારોમાં ૫૦ની વસ્તીએ ૧ હેન્ડપંપ મુજબ તા.૩૧/૧૨/૨૦૧૯ ની સ્થિતિએ ૨,૦૬,૯૨૯ હેન્ડપંપ બનાવવામાં આવેલ છે. આ હેન્ડપંપોના રીપેરીંગ અર્થે ૧૪૮ હેન્ડપંપ રીપેરીંગ ટીમો કાર્યરત હતી.

હેન્ડપંપ રીપેરીંગની ફરિયાદો માટે ગ્રામપંચાયતોને હેન્ડપંપ રીપેરીંગની ટીમના તેમજ સંબંધિત યાંત્રિક પેટા વિભાગીય કચેરીના જવાબદાર સ્ટાફમાં મોબાઈલ નંબર આપવામાં આવેલ છે. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતની કચેરીમાં હેન્ડપંપ રીપેરીંગની ફરિયાદોનું રજીસ્ટર નિભાવવામાં આવે છે. જે ફરિયાદો અઠવાડીયાના દર સોમવાર અને ગુરુવારે રીપેરીંગ ટીમો દ્વારા મેળવી દિન–૨માં તેનું રીપેરીંગ કરવામાં આવે છે. વધુમાં બોર્ડ

કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ ખાતે હેલ્પલાઈન નંબર–૧૯૧૬ ઉપર મળતી ફરિયાદોનું પણ ઓનલાઈન મોનીટરીંગ દ્વારા મળેલ ફરિયાદો ક્ષેત્રિય કચેરીઓને સોંપી દિન–૨માં તેનો નિકાલ કરી રીપોર્ટીંગ કરવામાં આવે છે.

હેન્ડપંપ, તેના સ્પેર્સ તેમજ તેમાં વપરાતી ૩૨ મીમી જીઆઈ પાઈપની ખરીદી કેન્દ્રીયકૃત રીતે વાર્ષિક ભાવકરાર આધારીત ઓનલાઈન પધ્ધતિથી કરવામાં આવે છે. હેન્ડપંપ તેમજ પાઈપ બંને આઈએસઆઈ માર્કવાળા જ અને મૂળ ઉત્પાદક પાસેથી લેવામાં આવે છે. આમ, ઉચ્ચ ગુણાવત્તાવાળો માલસમાન ખરીદવામાં આવે છે. વધુમાં વાર્ષિક ભાવકરાર આધારીત ખરીદી કરવામાં આવતી હોવાથી વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબ જયારે અને ત્યારેના ધોરણે હેન્ડપંપ, તેના સ્પેર્સ તેમજ તેમાં વપરાતી ૩૨ મીમી જીઆઈ પાઈપની ખરીદી કરવામાં આવે છે.

આમ, હેન્ડપંપના રીપેરીંગ, નવીન હેન્ડપંપ બનાવવા તેમજ હેન્ડપંપ, તેના સ્પેર્સ અને ૩૨ મીમી જીઆઈ પાઈપની ખરીદી સમયબંધ આયોજન સામે કરવામાં આવે છે.

### ભલામણ: (ફકરા ક્રમાંક:૭)

સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેલા વિભાગના પ્રતિનિધિએ આ અંગે જણાવ્યુ હતું કે, પાણી પુરવઠા બોર્ડ જૂથ યોજનાઓ નક્કી કરે એમાં સમય મર્યાદા ઠરાવી હોય છે. પરંતુ ઘણી વખત જ્યાં ખારાશનો પ્રશ્ન હોય અથવા ભારે વરસાદને કારણે અતિવૃષ્ટિ થઈ હોય ત્યાં નક્કી કરેલા વર્ષ સુધી પાઈપલાઈન ચાલતી નથી. આથી જે તે ગામોમાં જૂથ અને સ્વતંત્ર પાણી પુરવઠા યોજના હેઠળ ૨૦–૨૫ વર્ષ પહેલાં નાખેલ જૂના પાઈપલાઈન બદલીને નવી પાઈપલાઈન નાખવા સમિતિ ભલામણ કરે છે.

### સરકારનો જવાબ

સામાન્ય રીતે પાણી પુરવઠા યોજનાના સિવિલ ઘટક ૩૦ વર્ષ માટે ડિઝાઈન કરવામાં આવે છે. અનિવાર્ય સંજોગોમાં જેવા કે ખારાશ, અતિવૃષ્ટિ જેવી અન્ય કુદરતી આફત દરમ્યાન પાઈપલાઈનમાં ભંગાણ કે વધુ નુકસાન પહોચે તો તેવી પરિસ્થિતિમાં જુથ અને સ્વતંત્ર પાણી પુરવઠા હેઠળ જુની પાઈપલાઈને બદલવામાં આવે છે.

### ભલામણ: (ફકરા ક્રમાંક:૮)

સમિતિને વિભાગ તરફથી મળેલ સાહિત્યનો અભ્યાસ કરતાં સમિતિને જણાયું છે કે બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા વિવિધ તાલુકાઓનાં ગામડાઓમાં પીવાના પાણીમાં ફલોરાઈડ, સેલીનીટી અને નાઈટ્રેટની અશુદ્ધિની ગંભીર સમસ્યા છે. હાલની સ્થિતિએ રાજ્યના ગામોમાં પીવાનું શુદ્ધ પાણી લોકોને મળતું નથી. આ બાબત માનવ સ્વાસ્થ્યની દ્દષ્ટિએ ખૂબ જ ચિંતાનો વિષય છે. સરકારે આ બાબતને સર્વોચ્ચ અગ્રતા આપીને સવિશેષ ચિંતન કરવાની જરૂર છે. રાજયમાં બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતાં તાલુકાઓના તમામ ગામોમાં નર્મદા, સુજલામ–સુફલામ તેમજ મહિપરિયેજ જેવી વિવિધ યોજનાઓ અન્વયે શુદ્ધ પીવાનું પાણી પૂરૂ પાડવા માટે પરિણામલક્ષી પગલાં ભરવા સમિતિ ભલામણ કરે છે. વધુમાં સમિતિ રાજ્યના બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા તમામ તાલુકાઓના (N.C) Not Covered પીવાના પાણીની સુવિધા વગરના અને (P.C.) Partially Covered પીવાના પાણીની આંશિક સગવડતા ધરાવતા ગામોને સત્વરે (F.C.) Fully Covered એટલે કે પીવાના પાણીની સંપૂર્ણ સુવિધા ધરાવતા ગામોમાં ફેરવવા માટે ત્વરિત પગલાઓ લેવા અને આ હેતુ પરિપૂર્ણ કરવા માટે પાણી પુરવઠા વિભાગની સચિવ કક્ષાએ પ્રતિમાસ સમીક્ષા બેઠક યોજવાની સમિતિ ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

ગુજરાત રાજયમાં બક્ષીપંચની વસ્તી ધરાવતા તાલુકાઓ સહિત તમામ તાલુકાઓનાં ૩૫,૯૯૬ ગામો/પરાને નિયત ધારાધોરણ મુજબ પીવાનું પાણી આપવામાં આવે છે. વધુમાં ભારત સરકારશ્રીના નળ થી જળ કાર્યક્રમ અંતર્ગત દરેક ઘરને નળથી પીવાનું શુધ્ધ પાણી આપવા માટે સચિવશ્રી સ્તરે તેમજ બોર્ડ સ્તરે નિયમિત સમીક્ષા બેઠકો યોજવામાં આવે છે. તેમજ તે માટે નિયમિત રીતે જીલ્લાવાર સમીક્ષા બેઠક જીલ્લા અધિકારી દ્વારા લેવામાં આવે છે, તેમજ ઝોન કક્ષાએ પણ ઝોનલ અધિકારી દ્વારા રીવ્યુ લેવામાં આવે છે.

**ભલામણ: (ફકરા ક્રમાંક:૧૨)**

પંચાયત વિભાગના તા.૦૨-૦૩–૨૦૦૯ના ઠરાવના પારા–૩ની જોગવાઈ અનુસાર લાભ લેનાર બી.પી.એલ. પરિવારના હોવા જોઈએ આ જોગવાઈ મુજબ આ યોજનાનો લાભ ફક્ત બી.પી.એલ. પરિવારોને મળી શકે છે. જ્યારે બી.પી.એલ. યાદીમાં જે ગરીબો ભૂલથી સમાવવાના રહી ગયા છે, તેઓને આ યોજનાનો લાભ મળશે નહી અને યોજનાનો મૂળ હેતુ માર્યો જશે આથી જે રીતે અગરીયા આવાસ યોજના, માછીમાર આવાસ યોજના, સફાઈ કામદાર આવાસમાં બી.પી.એલ. યાદી જોવામાં આવતી નથી તેમ પંડિત દિનદયાળ આવાસ યોજનામાં પણ બી.પી.એલ.ની જોગવાઈ વહેલમાં વહેલી તકે દૂર કરવા તેમજ આ યોજનાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક મૂકવા સમિતિ ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ માત્ર બી.પી.એલ. લાભાર્થીઓને જ લાભ આપવાનું ધોરણ નથી. આ યોજના હેઠળ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪–૧૦–૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ–૧થી શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/– તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/– આવક મર્યાદા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

**ભલામણ: (ફકરા ક્રમાંક:૧૫)**

પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ ઉભી થતી વસાહતોમાં વસાહતીઓ માટે પીવાના પાણી, વીજળી, આંતરીક રસ્તાની સુવિધાઓ માટે સંબંધિત વિભાગ સાથે પત્રવ્યવહાર કરીને વખતોવખત ફોલોઅપ કરીને સુવિધા પૂરી પાડવી જોઈએ તેમજ ભવિષ્યમાં ઉભી થનાર દરેક વસાહતો ફરતે દિવાલ/કોટ બાંધવા વિભાગે ખાસ બજેટની ફાળવણી કરી વસાહત ફરતે દિવાલ બાંધવા અને આ યોજના દ્વારા ઉભી થનારી વસાહતો વધુ સારા પ્રકારની થાય તે માટે રાજ્યના દરેક જિલ્લામાંથી સમાજસેવી સંસ્થાઓ, એન.જી.ઓ અને ઉદ્યોગ ગૃહોનો પણ આર્થિક સહયોગ મેળવવા ખાસ પ્રયત્નો કરવા સમિતિ ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ વસાહતોમાં વસાહતીઓને પ્રાથમિક માળાખાકીય સુવિધાઓ પણ મળી રહે તે માટે સબંધિત વિભાગના પરામર્શમાં યોગ્ય કાર્યવાહી કરવા માટે તમામ જિલ્લા અધિકારીશ્રીઓને અત્રેથી સુચવવામાં આવેલ છે.

**ભલામણ: (ફકરા ક્રમાંક:૧૬)**

સમિતિને તપાસ દરમ્યાન જણાયું છે કે, આ યોજનાનો લાભ લેવા માટે મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા આવકનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. પરંતુ ઘણી જગ્યાએ મામલતદાર અને તાલુકા

વિકાસ અધિકારી અન્ય કામગીરીમાં વ્યસ્ત હોવાથી ગરીબ લોકોને આવકનું પ્રમાણપત્ર મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આથી આવકનું પ્રમાણપત્ર સર્કલ કક્ષાએ અથવા તલાટી પણ આપી શકે અને પ્લોટ અંગે લાભાર્થીનું એફીડેવીટ પણ માન્ય રાખી શકાય તે મતલબના જરૂરી હુકમો કરવા સમિતિ ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

આવકનું પ્રમાણપત્ર આપવા માટે તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર સક્ષમ સત્તાધિકારીઓ છે પરંતુ અત્રેની જાણ અનુસાર ઈ–ગ્રામ કાર્યક્રમ અંતર્ગત ગ્રામકક્ષાએ તલાટીને આવકના પ્રમાણપત્ર માટે અધિકૃત કરવામાં આવેલ છે. પ્લોટ માટે લાભાર્થીનું એફીડેવીટ એક માત્ર પુરાવો માન્ય રાખવામાં સહાયની રકમનો દૂર ઉપયોગ થાય તેવી સંભાવના રહેલ છે.

**ભલામણ: (ફકરા ક્રમાંક:૧૭)**

તપાસ દરમ્યાન સમિતિને પણ ધ્યાન પર આવ્યું છે કે, નટ, ડફેર, બજાણીયા, ફકીર, દેવીપૂજક જેવા અતિ નબળા અને વિચરતી અને વિમુક્ત જાતિના લોકો આજે પણ ઘર વિહોણા છે. આ જાતિના લોકોને પ્લોટની ફાળવણી કરવામાં આવતી નથી અને ગામ લોકો પણ આ જાતિઓને ગામમાં રાખવા માંગતા ન હોવાથી આ જાતિના લોકોને ઘર વગર ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉક્ત જાતિના લોકો અને તેમના બાળકોના ભાવિ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે મહેસૂલ વિભાગ સાથે જમીન ફાળવણી સંબંધમાં પરામર્શ કરીને તેઓ માટે અલગ વસાહતો ઉભી કરવા સમિતિ ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

અત્રેના ખાતા દ્બારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાન બાંધકામના હેતુ માટે સહાય આપવામાં આવે છે. પરંતુ જમીન કે પ્લોટ ફાળવણીની બાબત મહેસૂલ વિભાગ હસ્તક છે. વળી, વિચરતી–વિમુક્ત જાતિના ઇસમોને મહેસૂલ વિભાગના તા.૬–૬–૨૦૦૩ના ઠરાવથી રહેણાકના હેતુ માટે જમીન ફાળવવા પણ ઠરાવાયું છે. આમ આ કામગીરી મહેસૂલ વિભાગ હસ્તક હોવા છતાં જિલ્લા કક્ષાએથી તેમજ નિયામક કક્ષાએથી પણ સતત કલેકટરશ્રીઓને આ જાતિઓને જમીન ફાળવવા માટે વિનંતી કરવામાં આવે છે. કલેકટરશ્રીઓની વીડીયો કોન્ફરન્સમાં અગ્ર સચિવશ્રી (સા.ન્યા.અ.વિ.) તરફથી પણ આ બાબતે ભારપૂર્વક વિનંતી કરવામાં આવેલ છે.

**ભલામણ: (ફકરા ક્રમાંક:૧૮)**

સમિતિએ અમદાવાદ જીલ્લાના કાતરોડી અને ઉઘરોજપૂરા સ્થળની લીધેલ મુલાકાત દરમ્યાન અનુભવ્યું હતું કે, ઉઘરોજપુરાથી બજાણીયાપુરા સુધીનો રસ્તો નથી અને રસ્તાની સ્થાનિક રહેવાસીઓ દ્બારા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં આ સુવિધા ઉપલબ્ધ ન થવા અંગે ઉપસ્થિત આગેવાનોએ સમિતિને રજૂઆત કરી હતી, જે સંબંધમાં સમિતિએ સંબંધિત વિભાગ માર્ગ અને મકાન વિભાગને ઉક્ત રસ્તો પાકો ડામરનો કરવા અંગે ભલામણ કરી હતી. વધુમાં વસાહતોમાં પીવાના પાણીની, શૌચલયની તેમજ નવા મકાનો બનાવવા માટે નવા પ્લોટની જરૂરિયાત સમિતિને ધ્યાન પર આવતા સમિતિએ આવી તમામ વસાહતોમાં પીવાના પાણી માટે નવા ટ્યુબવેલ, શૌચાલય જેવી પાયાની જરૂરિયાત પૂરી પાડવા તથા નવા પ્લોટ ફાળવી તેમાં મકાન બનાવવા માટે અને સૂચનોની અમલવારી કરાવી અને તેની ચકાસણી કરી સમિતિ તેનો અહેવાલ મોકલવા ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

જિલ્લા નાયબ નિયામક (વિ.જા) અમદાવાદ દ્વારા માંડલ તાલુકાના ઉઘરોજપુરા ગામના બજાણીયાપુરા વિસ્તારની ભૌતિક સુવિધાઓ અંગે તા.૧૫-૦૬-૨૦૨૦ના રોજ મુલાકાત લેવામાં આવી હતી. જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

ઉઘરોજપુરાથી બજાણીયાપુરા વિસ્તાર દોઢેક કિ.મી. અંતરીયાળ વિસ્તારમાં આવેલ છે. જ્યાં ૧૩મી ગુજરાત વિધાનસભાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેની સમિતિએ પીવાના પાણી, વીજળી, શૌચાલય, આંતરીક રસ્તાની સુવિધાઓ તેમજ નવા મકાનો બનાવવા માટે નવા પ્લોટની જરૂરીયાત અંગે ભલામણ કરેલ હતી.

તા.૧૫-૦૬-૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે બજાણીયાપુરા વિસ્તારની રૂબરૂ મુલાકાત લેતા ઉઘરોજપુરા ગ્રામ પંચાયતના સભ્ય અને બજાણીયા જાતિના સ્થાનિક આગેવાન શ્રી લક્ષ્મણભાઈ બજાણીયા તેમજ પરાના સ્થાનિક રહિશો દ્વારા જણાવવામાં આવ્યુ કે, પીવાના પાણી માટે બોરની વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી તે પ્રશ્નનું નિરાકરણ થઈ ગયેલ છે. તેમજ મારુતિ કંપનીના સહયોગથી પરાના આંતરિક વિસ્તારમાં પેવર બ્લોક પાથરવામાં આવેલ છે અને શૌચાલય જેવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

વિજળીની સુવિધાઓ અંગે તપાસ કરતા માલુમ પડેલ છે કે, ગામમાં આશરે ૭૦ થી ૮૦ આવાસ છે. જેમાં ૫૦% થી પણ ઓછા ઘરોમાં વીજમીટરની વ્યવસ્થા નથી. પરાના રહિશો દ્વારા જાણવા મળેલ કે, સ્થાનિક ઈલેક્ટ્રીક કચેરીને વારંવાર રજુઆત કરવા છતાં આજ દિન સુધી વીજમીટરની સમસ્યાનો ઉકેલ આવેલ નથી. વધુમાં સ્થાનિક રહીશો જણાવે છે કે, સરકારશ્રી દ્વારા ગરીબ લોકોને રૂ.૫૦/- માં નવું વીજજોડાણ કરી વીજમીટર આપવાની યોજના અમલમાં છે. જેમાં અમારા વિસ્તારના રહીશો દ્વારા આ યોજનાનો લાભ લેવા અર્થે અરજી ફોર્મ ભરેલા છે. પરંતુ આ યોજનાના લાભથી અમે હજુ સુધી વંચિત છીએ.

ઉઘરોજપુરા ગામથી બજાણીયાપુરા વિસ્તારનો આંતરીક રસ્તો કાચો છે. જે આશરે દોઢેક કિ.મી.નો છે. જે આ વિસ્તારના લોકો માટે જીવાદોરી સમાન છે તથા ચોમાસામાં સામાન્ય વરસાદ દરમિયાન કાચા રસ્તા પર ખુબ જ પાણી ભરાવવું, કાદવ– કીચડ થઈ જવો અને સ્થાનિક વહીવટી તંત્રથી આ વિસ્તાર સંપર્ક વિહોણો બની જાય છે. સ્થાનિક રહિશો જણાવે છે કે, ઉઘરોજપુરાથી બજાણીયાપુરા સુધીના કાચા રસ્તાની આજુબાજુના ખેતરના ખેડુતો પાકા ડામરના રસ્તાનો વિરોધ કરતા હોઈ આ રોડનું કામ આગળ ધપતું નથી. જે અંગે સ્થાનિક સક્ષમ અધિકારીશ્રીઓને મૌખિક તથા લેખિત રજૂઆત કરવા છતાં આ અતિ મહત્વના પ્રશ્નનો હલ આજ દિન સુધી થયેલ નથી. તેમજ વસાહતના લોકોએ નવા મકાનો બનાવવા માટે નવા પ્લોટ તંત્ર દ્વારા ફાળવવામાં આવે તેવી રજૂઆત કરેલ છે. જેથી સરકારશ્રીની વિવિધ આવાસને લગતી યોજનાઓનો લાભ લઈ શકે અને કુટુંબમાં વસ્તી ગીચતાનો પ્રશ્ન હલ થઈ શકે.

ઉપરોક્ત વિગતો જોતાં વિજળી, પાકા રસ્તા કે પ્લોટ ફાળવણીની બાબત અત્રેના ખાતા કે વિભાગને સ્પર્શતી નથી. આમ છતાં, આ વિસ્તારમાં વિજળીની સુવિધા માટે અધિક્ષક ઈજનેરશ્રી (U.G.V.C.L.) અમદાવાદને અને ઉઘરોજપુરાથી બજાણીયાપુરાના આંતરીક કાચા રસ્તા માટે અધિક્ષક ઈજનેરશ્રી(માર્ગ અને મકાન વિભાગ), અમદાવાદને તેમજ પ્રાંત અધિકારીશ્રી, વિરમગામને માળખાકીય સુવિધાઓ મળી રહે તે માટે આગળની કાર્યવાહી કરવા સારૂ જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા), અમદાવાદ દ્વારા લેખિત જાણ કરવામાં આવેલ છે.

**ભલામણ:– (ફકરા ક્રમાંક :૨૪)**

સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે, દેશમાં ગુજરાત જ એવું પ્રથમ રાજય છે કે જેને મૉડેલ ફેરપ્રાઈઝ શોપ સેન્ટરનો એક નવો વિચાર રજૂ કર્યો છે. જેના અંતર્ગત આવી દુકાનો ઉપર અનેક જાતની ગ્રાહક ઉપયોગની ચીજ

વસ્તુઓ મળતી થયેલ છે અને દુકાનદારોના વેપારમાં વધારો થતાં તેમની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થયેલ છે તથા જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારો થયેલ છે. પરંતુ બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતાં વિસ્તારોમાં ઘણી બધી વાજબી ભાવની દુકાનોને મૉડેલ ફેરપ્રાઈઝ શોપ્સમાં અપગ્રેડ કરવામાં આવેલ નથી. આથી આવી બાકી દુકાનોને પણ વહેલામાં વહેલી તકે મૉડેલ ફેરપ્રાઈઝ શોપ્સમાં ફેરવવાની કાર્યવાહી કરવા સમિતિ વિભાગને ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

રાજ્યની તમામ વાજબી ભાવની દુકાન હાલમાં કોમ્પ્યુટર/લેપટોપ, પ્રિન્ટર જેવા સાધનો સાથે સજ્જ છે. વાજબી ભાવની દુકાનના સંચાલકોની પોષણક્ષમતા વધારવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા વાજબી ભાવની દુકાનના દુકાનદારોને બિનસ્પર્ધાત્મક ચીજવસ્તુઓનો વેપાર કરવાની છુટ આપેલ છે તેમજ રાજ્ય સરકારે CSC ઈ–ગવર્નન્સ સર્વિસ ઇન્ડીયા લી. સાથે કરાર કરીને CSCની સેવાઓ માટે વાજબી ભાવની દુકાન સંચાલકોએ મુકવાની થતી રૂ.૪૦ હજાર ડીપોઝીટની રકમમાંથી તથા આ અંગે આપવાની થતી પરીક્ષામાંથી મુક્તિ આપવાનો CSC પાસે નિર્ણય લેવડાવેલ છે. દુકાનદારો દ્વારા ભારત સરકારના CSC સાથેના કરારથી રેલ ટિકિટ રીઝર્વેશન, એર ટિકિટ બુકીંગ, બસ ટિકિટ રીઝર્વેશન, મોબાઈલ/DTH રીચાર્જીંગ, ગેસ બીલ, ટેલીફોન બીલ, લાઈટ બીલ ચૂકવવાની વગેરે જેવી આશરે ૪૦+ સેવાઓ અંગે વાજબી ભાવની દુકાનના સંચાલકોને કમિશન મળે છે. જેમાં દુકાનદારો પોતે સ્વૈચ્છિક રીતે જે સેવા પૂરી પાડવા માંગતા હોય તે પૂરી પાડીને આવક મેળવી શકે છે.

## પરિશિષ્ટ–૨

## સરકારે અસ્વીકાર કર્યો હોય તેવી ભલામણો

### ભલામણ: (ફકરા ક્રમાંક:૨૩)

રાજ્યમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ચલાવવા માટે હાલ ૨૦૦૦ની વસ્તી અને ૩ કિલોમીટર અંતર હોવું જોઇએ તેવા ધોરણો નકકી કરેલ છે. એમાં તાત્કાલિક ઘટાડો કરવાનું સમિતિની દ્રષ્ટિએ જરૂરી જણાય છે. સમિતિએ તપાસ કરેલ દરેક જિલ્લાઓમાં ઓછી વસ્તી ધરાવતાં ગામના લોકોને બીજા ગામ રાશન લેવા માટે રોજગારી ગુમાવવી પડે છે. તદ્દુપરાંત બીજી અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે એ સંજોગોમાં સમિતિ વસ્તી અને કિલોમીટરના ધોરણ દૂર કરીને બક્ષીપંચના ૧૩૯ તાલુકાના દરેક ગામમાં વાજબી ભાવની દુકાનો ચાલુ કરવાની ભલામણ કરે છે.

## સરકારનો જવાબ

રાજ્યમાં બક્ષીપંચના જાહેર કરાયેલ કુલ ૧૩૫ તાલુકામાં કુલ ૮૨૩૯ વાજબી ભાવની દુકાનો કાર્યરત છે.

સરકારશ્રીના તા.૨૬-૦૮-૨૦૧૫ના પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર ફાળવવાના ઠરાવ ક્રમાંક: વભદ/૧૦/૨૦૧૫/૨૬૨૪/કની જોગવાઇઓ મુજબ ૨૦૧૧ની સ્થિતિની વસ્તી અનુસાર ગ્રામ્ય વિસ્તાર માટે ૩૦૦૦ની વસ્તી (ખાસ કિસ્સામાં ૨૭૦૦ની વસ્તી) અને ૩ કિ.મી. અંતર તેમજ શહેરી વિસ્તાર માટે ૭૫૦૦ની વસ્તીની જોગવાઇ છે. ૩૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામ માટે જો ગામમાં વાજબી ભાવની દુકાન ન હોય તો તે ૩ કિ.મી.થી ઓછા અંતરે ગામ હોય તે ગામને નજીકની દુકાન જોડી દેવાની રહે છે અને ૩ કિ.મી.થી વધુ પરંતુ ૩૦૦૦ થી ઓછી વસ્તી હોય તે ગામે બ્રાન્ડ એફપીએસ તરીકે નજીકના દુકાન સંચાલક ગામે જઇ વિતરણ કરે છે. જેથી સામાન્ય પ્રજાજનોને નજીકના અંતરેથી મળવાપાત્ર રાશનનો જથ્થો ઉપલબ્ધ થઇ શકે.

આ વિભાગના તા.૨૬-૦૮-૨૦૧૫ના ઠરાવથી ભારત સરકારના અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ની સુચનાઓ તેમજ વખતો વખત ઉપસ્થિત થયેલ નીતિ વિષયક પ્રસંગોને ધ્યાને રાખી પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર, વાજબી ભાવની દુકાન ફાળવવા બાબતે પ્રસિદ્ધ થયેલ અગાઉના ઠરાવમાં જરૂરીયાત મુજબ નીતિ વિષયક ફેરફાર કરી આ તમામ સુધારાને આવરી લઇ સંકલિત ઠરાવ પ્રસિદ્ધ કરવા ઉપરાંત પ્રજા ઉપયોગી ફોર્મસમાં જરૂરી સુધારા/વધારા/સરળીકરણ કરવાની તેમજ જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીમાં ઇ-ગવર્નન્સનો બહોળો ઉપયોગ થતો હોય તે તમામ બાબતને ધ્યાને રાખી આ વિભાગ દ્વારા તા.૨-૮-૨૦૦૪ પછી તા.૨૧-૭-૨૦૧૫ સુધી બહાર પાડવામાં આવેલ તમામ ઠરાવો રદ કરી સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. જેમાં જે ઠરાવની કંડિકા નં. ૩ અંતર્ગત ૩.૧ થી ૩.૬ સુધી દુકાન ખોલવા અંગેના ધોરણો નક્કી કરવામાં આવેલ છે અને દુકાન મંજુરી માટેના અગ્રતા ક્રમ સંબંધિત આ ઠરાવની કંડિકા નં. ૪.૨ (અ) અને (બ) માં જોગવાઇ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત બાબતો જોતાં બક્ષીપંચના જાહેર કરાયેલ ૧૩૫ તાલુકાઓમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબની વસ્તી ૧,૩૨,૧૮,૬૪૧ છે. સપ્ટેમ્બર ૨૦૨૦ ની સ્થિતિએ પ્રવર્તમાન ધોરણો મુજબ ૮૫૬૦ વાજબી ભાવની દુકાનોની સંખ્યા છે તેમાં સમાવિષ્ટ રેશન કાર્ડની સંખ્યા ૩૩,૩૭,૬૧૧ અને જનસંખ્યા ૧,૬૦,૮૮,૮૮૯ છે. તે મુજબ ૩૯૦ કાર્ડે ૧ વાજબી ભાવની દુકાન થાય.

જો ૨૦૦૦ ની વસ્તીએ ૧ દુકાન ગણતા ૧૨,૨૪૧ વાજબી ભાવની દુકાન ખોલવા પાત્ર થાય તો ૨૭૩ કાર્ડે ૧ વાજબી ભાવની દુકાન થાય. જે દુકાન સંચાલક માટે પોષણક્ષમ જણાતુ નથી. વધુમાં વાજબી ભાવની દુકાનની ફાળવણીના ધોરણો કોઇ જાતિ આધારીત જાહેર થયેલ વિસ્તાર આધારીત ધોરણો નથી. પરંતુ સમગ્ર રાજ્યમાં એક સરખી રીતે લાગુ કરી શકાય તે રીતે ધોરણો નક્કી કરવામાં આવેલ છે. હાલની સ્થિતિએ વાજબી ભાવની દુકાનના સંચાલકોના પ્રવર્તમાન કમિશનના દર જોતા બક્ષીપંચના જાહેર કરાયેલ ૧૩૫ તાલુકાઓમાં ૨૦૦૦ ની વસ્તીએ દુકાન ફાળવણીનું ધોરણ મંજુર કરવામાં આવે તો દુકાન સંચાલકની પોષણક્ષમતા જળવાઇ શકે તેમ ન હોવાથી ગુજરાત વિધાનસભાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેની સમિતિના અહેવાલના ફકરા ક્રમાંક-૨૩ માં સમિતિએ કરેલ ભલામણનો સરકારશ્રી દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ છે.

વિશેષમાં ભારત સરકારની "વન નેશન વન રેશનકાર્ડ" સંબંધિત સૂચનાના અમલીકરણ સંબંધે પણ સમગ્ર રાજ્યમાં પ્રચાર-પ્રસાર થઇ રહેલ છે, તેથી લાભાર્થીઓ કોઇપણ વાજબી ભાવની દુકાનમાંથી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી શકે છે, તે પણ મહત્વનું બની રહે છે.

# પરિચ્છેદ–૧

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની કલ્યાણકારી યોજનાઓમાં આવક મર્યાદામાં સુધારો/વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:–૨૪/૧૦/૨૦૧૭

વંચાણે લીધા:–

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦–૧૨–૨૦૦૧ ઠરાવ ક્રમાંક:– સશપ/૧૦૨૦૦૧/ન.બા/૪/અ.૧
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭-૦૪–૨૦૧૨ ઠરાવ ક્રમાંક:–સશપ/૧૦૨૦૧૨/૧૪૪/અ.૧
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭-૦૮–૨૦૧૪ ઠરાવ ક્રમાંક:–સશપ/૧૦૨૦૧૨/૪૩૮/અ.૧

ઠરાવ :-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામકશ્રી, વિકસતી જાતિ તેમજ નિયામકશ્રી, સમાજ સુરક્ષા તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવે છે, જેમાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૩)ના ઠરાવોથી આવક મર્યાદાનું ધોરણ જે યોજનાઓમાં ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૪૭૦૦૦/– કે ઓછી અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૬૮૦૦૦/– આવક મર્યાદા ઠરાવવામાં આવેલ હતી. પરંતુ હાલની વધતી જતી મોંઘવારી, જીવનધોરણનો ઉંચો આંક વગેરે જોતાં આવક મર્યાદા ઘણી ઓછી છે, જેના કારણે હાલમાં આ જાતિઓ માટેની રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં નક્કી કરેલ લક્ષ્યાંક મુજબની અરજીઓ મળતી નથી તેમજ આવકનું પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓ પ્રમાણપત્રો આપવામાં મુશ્કેલી અનુભવે છે તેથી તેમાં વધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ તથા નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની હાલની ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૪૭,૦૦૦/– કે તે કરતાં ઓછી હોય તેમાં વધારો કરીને આ ધોરણ વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં હાલની વાર્ષિક આવક મર્યાદા જે રૂ. ૬૮,૦૦૦ /- છે તેમાં વધારો કરીને આ ધોરણ વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦/– ની આવક મર્યાદા કરવાનું નીચેની શરતોએ ઠરાવવામાં આવે છે.

(૧) ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૨) જે યોજનાઓમાં આવક મર્યાદામાં વધારો થનાર છે. તે તમામ યોજનાઓની અન્ય શરતો યથાવત રહેશે.
(૩) જે યોજનામાં જરૂરી જણાય ત્યાં આ અંગેની ચાલુ નાણાકીય વર્ષમાં સુધારેલ અંદાજપત્રમાં જરૂરી જોગવાઇ કરી લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૧૦/૨૦૧૭ તથા સરકારશ્રીની તા. ૨૩ /૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:–

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણી સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી / જિલ્લા નાયબ નિયામકશ્રીઓ (સંબંધિત નિયામકશ્રી મારફતે)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (સંબંધિત નિયામકશ્રીઓ મારફતે)
- વિભાગની સર્વે શાખાઓ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટમાં મુકવા જરૂરી કાર્યવાહી સારું)
- સિલેક્ટ ફાઇલ